[29] No. of printed pages: 3

SARDAR PATEL UNIVERSITY
SYBA (External) Examination
Saturday, 8th March 2014
2.30 - 5.30 pm
Translation II
અનુવાદ પેપર II

કુલ ગુણ : ૧૦૦

નોંધ : જમણી બાજુ દર્શાવેલ આંકડા ગુણ સૂચવે છે.

પ્ર.૧ અનુવાદ પ્રવૃત્તિમાં સર્જાતી સમસ્યાઓ અને તેના નિરાકરણ અંગે સદ્દષ્ટાંત વિગતે ચર્ચા કરો. (૨૦)

અથવા

પ્ર.૧ નીચેના વિશે નોંધ લખો: (૨૦)

(૧) અનુવાદ અને ભાષાવિજ્ઞાન
(૨) અનુવાદ અને સમૂહ માધ્યમ

પ્ર.૨(અ) નીચે દર્શાવેલ **કોઇ પણ દશ** શબદના ગુજરાતી તથા હિન્દી પર્યાય આપો. (૧૫)

(1) Circular
(2) Epidemic
(3) Anatomy
(4) Aesthetics
(5) Remuneration
(6) Portfolio
(7) Secrecy
(8) Orphanage
(9) Blue Print
(10) Fake
(11) Bio-Chemistry
(12) Consumer
(13) Boycott
(14) Abnormal
(15) Elocution
(16) Humanities
(17) Guarantee
(18) Approval
(19) Hijack
(20) Loan-Service

પ્ર.૨(બ) **કોઇ પણ પાંચ** શબ્દ સમૂહ, કહેવત તથા ટૂંકા રૂપના ગુજરાતી તથા હિન્દી અર્થ તથા વિસ્તૃત રૂપ જણાવો. (૧૫)

(1) As compared
(2) To run after
(3) To pay respect
(4) To run risk
(5) Apart from this
(6) To kill two birds with one stone
(7) Fortune favours the brave
(8) B.B.A.
(9) RTO
(10) G.P.F.

Q.3 Translate the following paragraph into Gujarati: (13)

Some people tell jokes and stories and make people laugh. Others may tell equally amusing stories and yet fail. The entertainer should be sensitive to the right and wrong moment and the audience should be responsive and encouraging. Good entertainer always creates the right mood before beginning his joke or story, game or trick. The personality of the entertainer plays a very important role. It is not easy to entertain people with different tastes and of different ages. We must remember: "Laugh and the world will laugh with you; weep and you will weep alone." A successful entertainer releases laughter, emotion and interest. Like dreams, laughter fulfils our repressed wishes.

OR

Q.3 The pen stands for learning, while the sword stands for fighting. Authors, thinkers, statesmen are the persons who use the pen. Soliders or generals are persons who use the sword. The power of the pen is superior to the power of the sword. The conquests of soliders or generals are short-lived. They are forgotten after they disappear from the world. Alexander, Julius Caesar and Napoleon are now mere names in the history of the world. But the power of the pen is everlasting. Who will forget the mighty minds of old ? The solider conquers others through the power of the sword, but the poet conquers others through his imagination or the author conquers others through his thoughts.

પ્ર.૪ નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો. (૧૨)

એક રાજા હતો. તેનું નામ મીડાસ હતું. તે સોનાને ખૂબ ચાહતો હતો. એક દિવસ એક દેવતાએ એને આશીર્વાદ આપ્યા. દેવતાએ તેને સોનાના સ્પર્શના આશીર્વાદ આપ્યા. રાજા જેને સ્પર્શ કરે તે સોનામાં ફેરવાઇ જાય. રાજા ખૂબ ખુશ થયો, પણ હવે તે ખાઇ-પી શકતો ન હતો, કારણકે તે સોનામાં ફેરવાઇ જતું હતું, પછી તેણે પોતાની દીકરીને ચુંબન કર્યું તો તે પણ સોનામાં ફેરવાઇ ગઇ, રાજા ખૂબ દુઃખી થઇ ગયો. છેવટે તેને સાચી વાત સમજાઇ.

અથવા

પ્ર.૪ નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો.

ભારત તહેવારોનો દેશ છે. વર્ષ દરમ્યાન આપણે અનેક તહેવારો ઉજવીએ છીએ, એ સૌમાં હોળીનું સ્થાન અનોખું છે. હોળીનો તહેવાર સમાજના બધા જ વર્ગના લોકો આનંદથી ઉજવે છે. હિરણ્યક શિપુએ પ્રહ્લાદને મારવાના પ્રયત્નો કર્યા પણ પ્રહ્લાદ બચી ગયો. એની ખુશીમાં આજે પણ આપણે હોળીનો તહેવાર ઉજવીએ છીએ. હોળીનો બીજો દિવસ ધુળેટી. રાજસ્થાનમાં આ તહેવાર ખૂબ ઉત્સાહથી ઉજવાય છે. દૂર દૂર ગયેલા લોકો હોળી ઉજવવા ઘેર પરત આવે છે.

પ્ર.૫ प्र.५ निम्नलिखित हिन्दी परिच्छेद का गुजराती में अनुवाद कीजिए । (૧૩)

विदेशी भाषा का विद्यार्थी होना बुरा नहीं, पर अपनी भाषा सर्वोपरि है । कोई भी भाषा बुरी नहीं होती; क्योंकि सबकी अपनी-अपनी विशेषताएँ हैं, अपने-अपने बोलनेवाले होते हैं । हर भाषा यदि किसी अन्य के लिए केवल 'भाषा' है, तो अपने लिए 'मातृभाषा' भी होती है । किसी की 'भाषा' या किसी की 'मातृभाषा' को बुरा मानना या समझना मनुष्यता नहीं, विद्याप्रेम नहीं, बल्कि संकीर्णता और नीचता है । फिर, हर भाषा का अपना साहित्य होता है और साहित्य मानवमात्र के प्रेम की वस्तु है । संसार के कोने-कोने में अनगिनत भाषाएँ बोली और लिखी जाती है, जिनकी अपनी प्रकृति और अपने उच्चारण है । ये सारी भाषाएँ सीखी जा सकती हैं । हर भाषा के साहित्य की अपनी विशिष्टता है । उस विशिष्टता में किसी भी देश की मानसिक विलक्षणता रहती है । इस सारी बातों की जानकारी के लिए ही विदेशी भाषाओं का अध्ययन होता है । इसलिए विदेशी भाषा का विद्यार्थी होना बुरा नहीं है ।

अथवा

बेरोजगारी की समस्या नयी नहीं है, किन्तु हाल के वर्षों में कुछ सामाजिक-आर्थिक परिवर्तनों के कारण इसका स्तर एवं इसकी गंभीरता बहुत बढ़ गयी है । प्रथमतः हमारी अर्थव्यवस्था एक ओर बढ़ती हुई आबादी और दूसरी ओर हस्तचालित मशीनों में परिवर्तित होने के कारण अव्यवस्थित हो गई है । द्वितीयतः देश की मध्यमवर्गीय अर्थव्यवस्था भूमि का सहारा खो देने तथा संयुक्त परिवार के टूटने के कारण अव्यवस्थित हो गई है । प्रायः प्रत्येक परिवार का एक घर था और भूमि से कुछ न कुछ आय थी । संयुक्त परिवार की प्रथा के साथ यह बीमारी और बेकारी के विरुद्ध सुरक्षा प्रदान करता था । हम सबका सामान्य अनुभव है कि आर्थिक परिस्थितियों के दबाव के कारण संयुक्त परिवार तेजी से टूट रहा है और पारिवारिक भूमियाँ शीघ्रतापूर्वक गायब हो रही है। भारत के विभाजन ने उस क्रिया को अधिक तेज बना दिया है ।

પ્ર.૬ નીચેના પરિચ્છેદનો હિન્દીમાં અનુવાદ કરો. (૧૨)

તંદુરસ્તીનો પ્રશ્ન બહુ સરળ છે. પણ અફસોસ કે આજે લોકોએ એને ઘણો મુશ્કેલ બનાવી દીધો છે. તંદુરસ્ત રહેવું એ શરીરની સાધારણ સ્થિતિ છે. પણ મનુષ્યે કુદરતના માર્ગમાં ઘણી જ અડચણો નાખી છે. આનાથી જ આજે રોગોની અતિશયતા છે. ઇલાજ કરનારાઓએ આ મુશ્કેલીને વધારીને તંદુરસ્તીના પ્રશ્નને ઊલટો ગૂંચવણભર્યો કર્યો છે. કુદરતના માર્ગમાં અડચણ ન નાખો તો તમે તંદુરસ્ત રહેશો. જો તમે બીમાર પડશો તો જે અડચણો નાખી હોય તેમને હટાવી દો. તમે તંદુરસ્ત બની જશો. દવાથી કોઇ પણ ફાયદો થઇ શકતો નથી. શરીરને સાધારણ ખોરાક, હવા, પાણી અને તડકા સિવાય બીજી કોઇ પણ ચીજની જરૂરત નથી. કુદરતે એને એવું બનાવ્યું છે કે પોતાની સુધારણા કે સફાઇ જાતે જ કરી લે છે.

અથવા

પ્ર.૬ આજના વૈશ્વિકરણના યુગમાં એકબાજુ ભોગવાદનાં સાધનો વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. તો બીજી બાજુ વૈજ્ઞાનિક પ્રગતિનું સૂચક એવું એક સાધન કે જે અનેક રીતે ઉપયોગી છે. છતાં મનુષ્ય માત્ર માટે હવે એક મુસીબત બનતું જાય છે. આ સાધન છે મોબાઇલ કે સેલફોન. એના વગર મોટાભાગના લોકોની દિનચર્યા શરૂ થતી નથી. આખો દિવસ લોકો તેને છાતીએ વળગાડીને ફરે છે. અને તે આમ જનતાની દૈનિક જરૂરીયાતની વસ્તુ બની ગયો છે. આજથી ફકત પંદર વીસ વર્ષ પહેલાના સમયની કલ્પના કરો. એ વખતે આ ફોન સહેલાઇથી મળતો ન હતો. લોકો શાંતિથી જીવતા હતા. આજે આપણી પાસે આ સાધન આવી જવાના કારણે આપણે પોતે શાંતિથી જીવતા નથી કે બીજાને પણ જીવવા દેતા નથી.

###